R.N.I. No. : 66450/97 GAMC NO. : Guj/189 /2012-14/ Valid upto31 Dec/ 2014 -Posted at A'bad PSO - Monday

Ahmedabad Jurisdiction

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતું સાપ્તાહિક

# ગરવી નવક્રાન્તિ

http://jagadishchristian.com

ટે.નં.૦૭૯-૬૫૨૧૪૭૫૬ (મો).૯૮૨૫૧૬૯૩૮૬

તંત્રી : પ્રશાંત ધોળકીયા .મેનેજીંગતંત્રીઃ મિનાક્ષી ધોળકીયા

email:garvinavkranti @ yahoo.com

ESTD. YEAR - 17 •ISSUE: 16 DATE: 20-04-2013 •SATURDAY• PAGES: 4•PRICE Rs.1 •YERLY SUB: Rs. 60/-

આપનું લવાજમ બાકી છે ? હા( )ના( )

If undelivered pl.return to

સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો

કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ પી.ટી.કોલેજરોડ,નારાયણનગર પાલડી,અમદાવાદ-૭

## પ્રેસીડેન્ટ ઓબામાં ૨૦૧૪ થી ૨૦૧૬ સુધીનું ઐતિહાસિક ફિસ્કલ બજેટ ખર્ચ કરશે



ઓબામા ઈતિહાસમાં એવા પ્રથમ અમેરિકાના પ્રમુખ બનશે કે જેમની આગેવાની હેઠળ તેમની સરકાર એક વર્ષમાં ૪ ટ્રીલીયન ડોલરનો ખર્ચ કરશે.બરાક ઓબામાની પ્રમુખ તરીકેની ટર્મ જાન્યુઆરી ૨૦,૨૦૧૭માં પુરી થશે.ફેડરલ ગર્વમેન્ટ ૨૦૧૪ના ફિસ્કલમાં ૩.૭૭૭૮ ટ્રીલીયન ડોલરનો ખર્ચ કરશે.જે ઓબામાના બજેટ પ્રપોઝલ મુજબની હશે. ૨૦૧૫માં ૩.૯૮૦૧ ટ્રીલીયન ડોલરનો ખર્ચ થશે અને૨૦૧૬ના ફિસ્કલમાં ૪.૦૮૯૮ ડોલરનો ખર્ચ થશે. અને ૨૦૧૭ના ફિસ્કલમાં ૪.૨૪૭૪ ડોલરનો ખર્ચ થશે.



દિલ્હીની એક અદાલતે ૧૯૮૪માં ઈન્દીરા ગાંધીની હત્યા બાદ ભડકેલી શીખ વિરોધી હિંસાના કેસમાં કોગ્રેસના નેતા જગદીશ ટાઈટલર સામે ફરીથી કેસ રીઓપન કરવાનો હુકમ આપ્યો હતો.સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈવેન્સ્ટીગેશનને જગદીશ ટાઈટલરને આ પહેલાની કરેલી તપાસમાં ક્લીન ચીટ આપી હતી.તેવો ભુતપુર્વ ઓવરસીઝ એફેર્સ મીનીસ્ટર તરીકે મનમોહનસિંહની સરકારમાં ભુતકાળમાં કાર્ય કરી ચુક્યા છે.૩૧ ઓકટો.૧૯૮૪ની દિવસે શ્રીમતી ઈન્દીરા ગાંધીની હત્યા બાદ થયેલ શીખ વિરોધી રમખાણોમાં એક સામાજીક કાર્યકરના જણાવ્યા પ્રમાણે ૩૦૦૦ જેટલા શીખોની કતલ થઈ હતી.કેટલાંક ચળવળકારોએ કોગ્રેસ પક્ષના કેટલાક સભ્યો જેઓએ આ રમખાણોમાં અગત્યનો ભાગ ભજવ્યો હતો તેમની સામે આક્ષેપો કર્યા હતા.જગદીશ ટાઈટલર પણ તે પૈકીના એક મુખ્ય કોગ્રેસી નેતા હતા જેમણે શીખ ગુરુદ્વારા પર હુમલા કરવામાં આગેવાની લીધી હતી.આ આક્ષેપોની ફરીથી સીબીઆઈને તપાસ કરવાનો કોર્ટે હુકમ કર્યો હતો.

જો કે જગદીશ ટાઈટલરે આ અંગે પોતે નિર્દોષ છે તેમજ પોતે સંડોવાયેલા નથી એમ જણાવ્યું હતું.તેમણે કહ્યુ હતું કે આ સમયે હું એટલે કે જ્યારે રમખાણો ચાલી રહ્યા હતા ત્યારે હું શ્રીમતી ઈન્દીરા ગાંધીના આવાસ પર હાજર હતો.તેથી બે જગ્યાઓ પર એક વ્યક્તિ કેવી રીતે હાજર રહી શકે.

## એનઆઇવી બેસ્ટ સેલીંગ મોર્ડન ઇગ્લીસ બાયબલ ટ્રાન્સલેશન

ન્યુ ઈન્ટરનેશનલ વર્શન,બેસ્ટ સેલીંગ,જે ૩૫ વર્ષ પહેલા પ્રકાશિત થયું હતું.મોટાભાગના મોર્ડન ઈગ્લીંસ બાયબલ ટ્રાન્સલેશન વાંચે છે.

બે વર્ષ પહેલાં ઝોન્ડવીરવને રીલીઝ કરેલા આંકડાઓ મુજબ ૪૫૦ મીલીયન કોપીઝ પ્રિન્ટ થવાની છે તેવું જણાવ્યું હતું.૧૧ મિલિયન પ્રિન્ટ કોપીઓ તથા ડીજીટલ ફોર્મેટમાં તેનું વેચાણ થઈ ગયું છે.




**ગ્રાહક મિત્રોને વિનંતી.**

આપનું લવાજમ બાકી છે/ પૂરું થયેલ છે.સરનામાની ટીકડી ચેક કરો.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬- ૦૭૯ ૬૫૨૧૪૭૫૬

સમાચાર સંપાદન

શ્રી સંજય પોલ ચૌહાણ

## બ્રિટનના ભુતપુર્વ વડાપ્રધાન માગરિટ થેચરનું નિધન



બ્રિટનના ભુતપુર્વ વડાપ્રધાન શ્રીમતી માર્ગારિટ થેચરનું ૮૭ વર્ષની આયુએ નિધન થયું હતું.માર્ક અને કેરોલ થેચરે તેમની માતાના અવસાનના સમાચાર આપ્યા હતા.શ્રીમતી મેગી થેચરે બ્રિટનના વડાપ્રધાન તરીકે ૧૧ વર્ષનો સમયગાળો પસાર કર્યો હતો.તેમની માંદગી દરમિયાન તેમણે તેમની યાદશક્તિ ગુમાવી હતી.તેઓ તેમના વડા પ્રધાન તરીકેના કાર્યકાળ દરમિયાન સ્પષ્ટ વક્તા તરીકે જાણીતા હતા.તેમને લોખંડી મહિલા તરીકે પણ ઉપમા આપવામાં આવી હતી.તેમને વેબ મિનીસ્ટર એબી ખાતે રાષ્ટ્રીય માન સાથે દફન કરવામાં આવશે.તેવું ડેઈલી મેલ તરફથી જણાવાયું હતું.



## પાસ્ટર રીક વોરેનના પુત્રે આપઘાત કર્યો

મેથ્યુ વોરેનના અકુદરતી મોતના સમાચારે ખરેખર આઘાત પહોચાડ્યો છે.રીક વોરેન અમેરીકાના એક ધાર્મિક ઉપદેશક અને ખ્યાતનામ લેખક છે અને તેમનો દીકરો આપઘાત કરે તે બાબતથી બ્લોગ,ટ્વીટર પર અનેક લોકોએ પોતાના પ્રત્યાઘાતો આપ્યા હતા.ધ પર્પઝ ડ્રીવન લાઈફ,જેવા મહાન પુસ્તકના લેખક પિતાના વિચારો જાણ્યા વગર એક મુરખ પુત્ર આઘાત કરે તે,ઈશ્વરના પ્રેમનો અનાદર કરવા બરાબર છે. જો તમે ખ્રિસ્તી છો તો તમારુ હ્રદય દુઃખમાં પડેલ કુટુંબની સાથે અવશ્ય હોય,પરંતુ એ માનવું પડે કે આત્મિક રીતે કંઈ મોટી ભુલ થઈ છે.ખ્રિસ્તી લેખક ફ્રેન્ક વાયેલાએ ક્રિશ્ચિયન ન્યુઝ વેબસાઈટ પર લખ્યું છે કે પર્પઝ ડ્રીવન લાઈફ જેવા પુસ્તક તમારા મુર્ખ પુત્રે વાંચ્યા બાદ આપઘાત કર્યો છે.મેથ્યુએ ઈશ્વરના પ્રેમનો અસ્વીકાર કરીને આપઘાત કર્યો છે. વોરેનથી થીયોલોજી બાબતે હું કંઈ દરકાર કરતી નથી, તેમના પુસ્તકો કેવા છે તેની કે પછી તેઓ કેવા વાળ ઓળાવે છે તેની.પરંતુ સત્ય તો એ છે કે તેમણે તેમનો પુત્ર ગુમાવ્યો છે.કેટલીક બાબતો એવી છે કે જે વધુ દુઃખદાયક હોય છે.આ એક દુઃખદ બિના છે.વોરેન સોશ્યલ મીડીયા પર મીલીયન્સ ચાહકો ધરાવે છે.તેઓ ટ્વીટર પર એકટીવ છે.તેઓ તેમના વિચારો અને તેમના લેખો આ લીન્કો દ્વારા લોકો સમક્ષ મુકતા હોય છે. મેથ્યુ વોરેને કરેલા આપઘાતને કારણે રીક વોરેનની પાસ્ટર તરીકે અને એક સારા લેખક તરીકેની છાપ ઉપર ઘણી મોટી અસર ઉભી થઈ છે.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો**

**http://jagadishchristian.com**

ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુક **http://facebook.com/robin.dholakia** ઉપર પણ જોઈ શકાશે.



# અમે ભરી વિકાસની ઊંચી ઉડાન ......

**★વિદેશમાં ઉચ્ચ અભ્યાસનું સપનું સાકાર** : ૫૬૨ વિદ્યાર્થીઓને વિદેશમાં અભ્યાસ માટે રૂ.૪૮ કરોડ આપ્યા

**★ દલિત યુવક-યુવતી પણ બન્યા કોમર્શીયલ પાયલોટ** : ૪૬ વિદ્યાર્થીઓને કોમર્શીયલ પાયલોટની તાલીમ માટે રુપીયા સાડા સાત કરોડની સહાય

**★સરસ્વતી સાધના યોજના** : ધો.૮માં અભ્યાસ કરતી ૮૨૦૦૦ દલિત કન્યાઓને રૂ.૧૪૦૦ લાખના ખર્ચે સાયકલો આપી.

**શિક્ષણ હવે સરળ બન્યું** : શાળામાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓની પ્રિમેટ્રીક શિષ્યવૃત્તિમાં અધીક વધારો : ધો.૧ થી ૮ માં રૂા. ૧૫૦ થી વધારીને રૂા.૨૫૦ અને ધો.૯ થી ૧૦ માં રૂા.૩૦૦ થી વધારીને રૂા. ૪૦૦ કરી : ૩૮ લાખથી વધુ વિદ્યાર્થીઓને રૂા.૫૪૦૦ લાખની પ્રિમેટ્રીક શિષ્યવૃત્તિ સહાય.

**ગણવેશ ખરીદવાની ચિંતા ટળી** : પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા ૨૨ લાખ દલિત બાળકોને રૂા.૩૪ કરોડના ગણવેશ આપ્યા.

**મળ્યું સપનાનું ઘર** : રૂા.૨૦,૦૦૦ લાખના ખર્ચે ૭૭ હજાર દલિત લાભાર્થીઓને ડો.આંબેડકર આવાસની સુવિધા આપી.

**દિકરીના લગ્નની ચિંતા ટળી** : કુંવરબાઈનું મામેરુ યોજનામાં રૂા.૨૧૦૦ લાખના ખર્ચે ૪૨ હજાર કન્યાઓનું મામેરુ ભર્યું .

**આંતરજ્ઞાતિય લગ્નને પ્રોત્સાહન** : આંતરજ્ઞાતિય લગ્નથી જોડાયેલ ૩૧૦૦ લાભાર્થીઓને રૂા.૧૫૦૦ લાખની ડો. સવિતા આંબેડકર આંતરજ્ઞાતિય લગ્ન સહાય

## સામાજીક સમરસતાના જનનાયક ભારતરત્ન ડૉ બાબાસાહેબ આંબેડકરને ૧૨૨ મી જન્મજયંતિએ ગુજરાત આપે છે ભાવાંજલિ

રમણલાલ વોરા,
મંત્રીશ્રી,
સામાજિક ન્યાય અને અધિકારીતા,(અનું.જાતિઓનું કલ્યાણ,સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોનું કલ્યાણ સહિત)રમત-ગમત,યુવા સાસ્કૃતિક પ્રવૃત્તિઓ.



## સૌનો સાથ ... સૌનો વિકાસ

visit http ://www.gujaratinformation.net
www.facebook.com/gujaratinformation .official
www.twitter.com/infogujarat

# સિંચાઈ 'ગોઠવણ'ને નામે પાણીનો વેપલો

(હજી તો આપણે માર્ચ મહિનામાં છીએ ને પાણીની અછત થઈ છે. ભાજપને ખોબો ભરી ભરીને મત આપી જીતાડનાર રાજકોટ, જામનગર, જૂનાગઢ, ટૂંકમાં સમગ્ર સૌરાષ્ટ્રમાં પાણીની તીવ્ર અછત ઊભી થઈ છે ને તોફાનો ફાટી નીકળે એવો ડર છે. આ સંદર્ભે નીચેનો લેખ આ સમસ્યા પર ઘણો પ્રકાશ પાડે છે.)

જ્યારે કોઈ પણ વસ્તુ અછત ધરાવતી થાય ત્યારે તેનું અર્થકારણ અને રાજકારણ પેદા થાય. હવે ગુજરાતમાં પાણી કોને, કેટલું અને કેવી રીતે મળશે તેનું રાજકારણ રમાશે. રાજકારણની વ્યાખ્યા છે 'હુ ગેટ્સ વોટ, હાઉ એન્ડ વ્હાય', જ્યારે અર્થકારણ રચાશે જળના વેચાણમાંથી. આમ પણ ગુજરાત પાણીની અછત ધરાવતું રાજ્ય છે. પંજાબમાં ૮૦ ટકા સિંચાઈ છે, હરિયાણામાં ૬૬ ટકા સિંચાઈ છે, સમગ્ર ભારતની સિંચાઈ સરેરાશ ૫૦ ટકા છે, તો તેની સામે ગુજરાતમાં સિંચાઈ માત્ર ૩૫ ટકા છે. નર્મદા, કલ્પસર અને તમામ જળ સ્રાવ, બંધારા તથા તળાવોની સિંચાઈ લઈએ તો પણ ગુજરાત કદી ૫૯ ટકા સિંચાઈથી આગળ પહોંચવાનું નથી. તેમાં પણ કેમિકલ અને પેટ્રોકેમિકલ ઉદ્યોગોની ભરમારે પાણીની તંગી સર્જવામાં મોટો ભાગ ભજવ્યો છે. આ ઉદ્યોગો સતત પાણી પ્રક્રિયા માગતા ઉદ્યોગો છે. અત્યારે જે કંઈ સિંચાઈ છે તેમાં નહેર સિંચાઈનો ફાળો તો માત્ર પાંચ ટકા જ છે. મહદ્ અંશે પાતાળ કૂવાથા સિંચાઈ થાય છે.કેવું છે આપણું અત્યારનું સિંચાઈ વ્યવસ્થાપન? ઉકાઈ ડેમમાંથી શેરડીને ૩૫ ઈંચ પાણી જોઈએ, તેને બદલે ૬૦ ઈંચ પાણી અપાય છે. તમાકુને ૨૫ ઈંચ પાણી જોઈએ, મહી કેનાલમાંથી ૪૫ ઈંચ પાણી અપાય છે. જળવ્યવસ્થાપનની ગેરરીતિ સરકારના પાણિયાઓ (સરકારી નહેર સંચાલકો) આચરે છે. વળી, આગળના ખેડૂતોને વધારે પાણી અપાતું હોવાથી પાછળના (ટેઈલ એન્ડ) ખેડૂતોને પાણી મળતું નથી. ખેડૂતો સિંચાઈના ભાવ (પૈસા) ચૂકવતા નથી. આ બધી એવી બાબતો છે કે જે બતાવે છે કે આપણું સિંચાઈ વ્યવસ્થાપન બરાબર ચાલતું નથી. આપણી સિંચાઈ નહેરો ૩૦ ટકાની ક્ષમતાએ કામ કરી રહી છે. જો જળ વ્યવસ્થાપન સરકારના પાણિયાઓને બદલે લોકોને (પાણીની મંડળીઓ) સોંપીએ તો સિંચાઈ ક્ષમતા ૩૦ ટકાથી વધીને ૬૫ ટકા સુધી પહોંચે એમ જળ વ્યવસ્થાપન નિષ્ણાતો કહે છે. આનો અર્થ એ નથી કે લોકો એટલે કે ખેડૂતો બધા દૂધે ધોયેલા છે. જ્યાં પાતાળ કૂવાથી સિંચાઈ થાય છે ત્યાં લોકો જ ગેરરીતિ કરે છે. એક તો આપણે ત્યાં અત્યારે પાતાળ કૂવા ખોદવા સામે કોઈ પ્રતિબંધ નથી. એટલે ક ખેડૂત (કે ખેડૂતને નામે પાણીનો વેપારી) પાતાળ કૂવો ખોદે એટલે આજુબાજુના પચાસ ખેડૂતોના કૂવાનાં પાણી શોષાઈ જાય છે. પછી પાતાળ કૂવાનો માલિક પાણીની જરૂરિયાતવાળા ખેડૂતોને ૧૫૦ રૂપિયે કલાકના ભાવે પાણી વેચે છે. વળી આ પાણી ખેંચવા વીજળી મીટર વિના મળે છે. આથી પાતાળ કૂવાના પાણીના વેપારમાં કેટલી નફાખોરી હશે તે સમજી શકાય છે. તો બીજી બાજુ ખાસ કરીને સૌરાષ્ટ્રમાં બંધારા, ખેત તળાવ, ગામ તળાવ ચેક ડેમ વગેરે મોટા પ્રમાણમા બન્યા. અહીં અમુક જ્ઞાતિને આનો વધુ લાભ મળ્યો તેવી ફરિયાદ પણ થઈ છે. એટલે કે ગામનું પાણી ગામના બધા લોકોને સરખા ભાગે મળવાને બદલે અમુક જાગૃત લોકોને જ મળે તેવા તાકડા રચાયા છે. આ ગુજરાતમાં પાણીની અછત હોવાથી તેનું અર્થકારણ તો શરૂ જ થઈ ચૂક્યું છે. તેમાં વળી આ વખતે ઓછો અને પાછોતરો વરસાદ થતાં પાણીની વધુ અછત સર્જાઈ છે. કદાચ આ ઉનાળામાં પાણી પર રમખાણો સર્જાય તેવી શક્યતા રહેલી છે. હવે આ સ્થિતિની અંદર સરકારે પાણીના સ્રોતોનુ વ્યવસ્થાપન 'વધુ સારી રીતે' કરવા માટે છેલ્લી વિધાનસભામાંથી 'ગુજરાત સિંચાઈ અને પાણી નિકાલ વ્યવસ્થા અધિનિયમ' પસાર કર્યો. આ કાયદાનુસાર હવે પછીથી પાણીના તમામ સ્રોતો (ડેમ, ખેત તલાવડી, બંધારા, ગામ કૂવા) સરકારની માલિકીના રહેશે. સરકાર એને માટે નહેર અધિકારી નીમશે અને તે અધિકારી આ સ્રોતોનું સંચાલન કરશે. જે ખાનગી કૂવાઓ કે સ્રોતો હશે તેમાં નહેર, અધિકારી પ્રવેશીને તપાસ કરી શકશે. સરકારી પાણીના વપરાશ બદલ સરકાર પાણીનો બજાર ભાવ વસૂલ કરી શકશે. હવેથી કોઈને પાતાળ કૂવા ખોદવા હશે તો સરકાર પાસેથી લાયસન્સ લેવું પડશે. જો કોઈ પાણીના સ્રોતોને નુકસાન કરશે તો તેની સામે કામ ચલાવી દંડ અથવા સજા કરી શકાશે.ગુજરાત સરકારે આ કાયદો લાવીને પાણીની અછતના સમયમાં પાણીના કાળાબજાર અને અણછાજતો ઉપયોગ તથા દુરુપયોગ રોકવા માટે પગલાં લીધાં તે સારી વાત છે. પરંતુ આ વ્યવસ્થાથી જળ વ્યવસ્થાપન વધુ સારું થઈ શકશે તે બાબત શંકાસ્પદ છે. એક તો જેમ દારૂબંધીના કાયદાનો અમલ સારી રીતે થઈ શકતો નથી તેમ આ કાયદાના અમલની બાબતમાં બનવાની શક્યતા છે. વળી અત્યારે પાણિયાઓ જ્યાં પાણી આપે છે ત્યાં વ્યવસ્થાપન ખૂબ જ ખરાબ છે. તો નહેર અધિકારી આવતાં આ વ્યવસ્થાપન વધુ બગડવાની શક્યતા રહેલી છે. આને બદલે ખેડૂતોની પાણી મંડળીઓ બનાવીને જો આ કામ કર્યું હોત તો જળ વ્યવસ્થાપન વધુ કાર્યક્ષમ બન્યું હોત. વળી કેટલાક પાણી વેચે છે તેમને દંડ કરવાને બદલે બધાને દોષિત માનવા તે પાડાના વાંકે પખાલીને ડામ દેવા જેવી વાત ગણાય. આજકાલ ગુજરાતમાં આ મુદ્દા પર રાજકારણ ખૂબ જ ગરમાયું છે. સરકારી વિધાનસભ્યોએ આ કાયદાનાં વખાણ કર્યાં છે તો બંને વિરોધ પક્ષોએ આની ટીકા કરી છે. સ્વૈચ્છિક સંસ્થાઓ પણ નાગરિકના પાણીના અધિકારના મુદ્દે સરકાર સામે બાંયો ચડાવે તેવાં એંધાણ વર્તાઈ રહ્યાં છે. એક ખેડૂતે હળવાશથી કહ્યું કે, 'હવે સરકારને પૂછીને પાણી પીવું પડશે.' પાણીની નફાખોરો પર નિયંત્રણ આવે તે જરૂરી છે પણ તેમ કરતાં બાબુશાહીનો ભ્રષ્ટાચાર ન પેસી જાય તે જોવું પડશે. કદાચ એમ બને કે બકરું કાઢતાં ઊંટ પેસી જાય. પાણીનો પ્રશ્ન વિકટ અને સંકુલ છે તેને બાબુશાહીના ભરોસે છોડી દેવા જેવો નથી. (સૌ:દિ.ભા.)લેખક: વિદ્યુત જોષી

# જુલમી શાસનની દિશા - ગુજરાત સિંચાઈ અને પાણી નિકાલ વ્યવસ્થા વિધેયક ૨૦૧૩

ગુજરાત સરકારે વિધાનસભામાં સિંચાઈ અને પાણીના નિકાલના મુદ્દે એક વિધેયક પસાર કર્યુ છે. આ બિલની જોગવાઈઓ માત્ર ખેડૂત જ નહિ બલકે સમગ્ર ગ્રામજગતનાં હિતોને માઠી અસર પહોંચાડી શકે તેમ છે. ઉદ્યોગો માટે લાલ જાજમ પાથરવા આતુર એવી રાજ્ય સરકાર, આ બિલ દ્વારા ગુજરાતની ખેતી અને તે સાથે સંકળાયેલા માલધારી, ખેતમજૂર વગેરેને પણ પાર વગરની ઉપાધિમાં મૂકી દઈ શકે તેમ છે. ગુજરાતના કહેવાતા 'વિકાસના મોડલ'નો છૂપો ચહેરો પણ, આ બિલ પર ધ્યાન આપવાથી ઉઘાડો થાય તેમ છે.

કુલ ૧૦ પ્રકરણો અને ૬૦ કલમોમાં વહેંચાયેલું આ બિલ બ્રિટિશ જમાનામાં ૧૮૭૯ના કાયદાને બદલવાના નિમિત્તે રજૂ થયું છે. પણ ખરો મુદ્દો એ છે કે આ બિલ બ્રિટિશ શાહીવાદી સરકારની આપખુદી માનસિકતા બદલી શક્યું નથી. આ બિલ મુજબ એક 'નહેર અધિકારી'ની નિમણૂક કરવામાં આવશે. આ અધિકારી પાસે ખેડૂતો, માલધારીઓ અને એકંદર ગ્રામ સમાજ પાસે, ધારે તો રાડ પડાવી દઈ શકે તેવી અને તેટલી સત્તા છે. આ બિલની કેટલીક મુખ્ય જોગવાઈઓ આ મુજબ છેઃ

(૧) નહેર અધિકારીને કોઈપણ જમીન કે મિલકતમાં વગર પરવાનગીએ પ્રવેશ કરવાનો અધિકાર રહેશે. વળી તે 'કોઈ પણ કાંસ બંધ કરી શકશે.'

(૨) પ્રકરણ-૨ની કલમ ૪ મુજબ સરકાર પોતાને મરજીમાં આવે તે રીતે કોઈપણ જળાશય, નહેર, કાંસ વગેરેના પાણીનો પ્રવર્તમાન ઉપયોગ બદલીને પોતાને ઠીક લાગે તેમ વાપરી શકશે.

આ જોગવાઈઓનો અર્થ એ થાય કે સરકાર, દા.ત. મહુવાના બંધારાના પાણીનો ઉદ્યોગ માટે ઉપયોગ કરી શકશે. એ જાણીતી બાબત છે કે પાણી જેવા એક કુદરતી સંસાધનનો ઉપયોગ કરીને રાજ્યની ગરીબ અને વંચિત જનતા ટકી જતી હોય છે. આ સાધનને હવે જો સરકાર માત્ર નફાના ઉદ્દેશથી ઉદ્યોગો તરફ વાળી જશે તો આવા લોકસમૂહો ભારે ભીંસમાં મુકાશે.

(૩) સરકારે પાણીના નિકાલ (ડ્રેનેજ) અંગે કરેલી જોગવાઈ પણ ખેડૂત વિરોધી છે. પ્રકરણ ૨ની કલમ ૧૧થી ૧૪માં જણાવ્યા મુજબ નહેર અધિકારી પાણીના કુદરતી વહાવની આડેના અવરોધો દૂર કરી શકશે.

સૌ જાણે છે તેમ, આડબંધથી માંડીને મોટા બંધ કે બંધારા, પાળા સહિતની વોટરશેડની તમામ કામગીરી પાણીના વહાવને અવરોધનારી જ હોય છે. તેને હટાવી દેવાની સત્તા મેળવવી તે, ખેતી માટે કે ગ્રામજીવન માટે કઈ રીતે ઉપયોગી બની શકે? વળી આ જોગવાઈઓ અનુસાર, સરકાર આવા કામ માટે જરૂરી જાહેરનામું બહાર પાડશે અને પછી સંબંધિત પક્ષ પાસેથી ખર્ચ વસૂલીને આવી આડશ કે અવરોધ દૂર કરાશે.આ સમગ્ર જોગવાઈ અદલ બ્રિટિશ શાસનની માનસિકતા અને લહેકો ધરાવે છે. કલમ ૧૩ ના શબ્દો આ પ્રમાણે છેઃ '. . .જે વ્યક્તિ પર હુકમ કાઢવામાં આવ્યો હોય તે વ્યક્તિને ફરમાવવામાં આવે, ત્યારે તે, આવા અવરોધને દૂર કરવાનું અથવા તેમાં ફેરફાર કરવાનું ખર્ચ ન ભરે, તો આવું ખર્ચ કલેક્ટર દ્વારા જમીન મહેસૂલની બાકી તરીકે વસૂલ કરવાપાત્ર રહેશે.'

આવી જોગવાઈથી ગ્રામક્ષેત્ર અને ખાસ તો ખેડૂતો ભારે ભય અનુભવશે તેનો વિચાર થયો જ હશે ને? (૪) આ કાયદાના પ્રકરણ ૬માં આપેલી કલમો ૩૪ અને ૩૫ નહેર અધિકારીને પાણીના અનુસ્રવણ (સીપેજ) અને ચુવાણની બાબતમાં સત્તાઓ આપે છે. આ અંગે નહેરની કિનારાથી બસો મીટર સુધીનું પાણી અનુસ્રવણ કે ચુવાણનું જ છે તેમ માની લીધું છે. હવે જો કોઈ ખેડૂત નહેરથી ૨૦૦ મીટરના અંતરે પોતાના ખર્ચે અને પોતાની જમીનમાં કૂવો ખોદે તો તેનું પાણી નહેરનું પાણી ગણી તેની ઉપર સિંચાઈનો નહેરનો દર લાગુ પડશે.

ખરેખર તો, સૌરાષ્ટ્રના ઘણા વિસ્તારોમાં જમીનમાં આડા ખડકો છે. આવા પથરાળ ભૂપૃષ્ઠમાં ભૂગર્ભજળનું અનુસ્રવણ ન પણ થાય. વળી કૂવાનું પાણી અન્ય કોઈક અનુસ્રવણથી પણ આવતું હોઈ શકે. સરકારે આવી કોઈ શક્યતા વિચારી જ નથી.

(૫) કાયદાની કલમ ૩૭થી ૪૨ (પ્રકરણ ૭) 'ગુના અને શિક્ષા' બાબતે છે. આ કલમો મુજબ, કાંસમાં ઢોરને પાણી પાવા લઈ જવાં તે પણ ગુનો બને છે.અન્ય એક ગુનો સરકારે આ અંગે બતાવેલું કામ ન કરવામાંથી પણ ઊભો થાય છે. કલમ ૩૭(૮) આ પ્રમાણે છેઃ 'કોઈપણ મરામત, સફાઈકામ અથવા કામ કરવામાં મદદ કરવા અથવા મદદ કરવાનું ચાલુ રાખવા માટે તે આવું કરવા બંધાયેલા હોય ત્યારે વાજબી કારણ વિના, તેમ કરવામાં બેદરકારી કરે. . .' તો તેને ગુનો ગણી ત્રણ મહિનાની કેદ અથવા રૂ.૫૦૦૦ નો દંડ અથવા બંને કરી શકાશે.

આ કલમો અગાઉની વેઠ પ્રથાની યાદને તાજી કરી જાય છે.

(૬) 'પ્રકીર્ણ' મથાળું ધરાવતું પ્રકરણ ૯ અને તેની કલમ ૪૬, ભારતા ગુજરાત જેવા રાજ્યને બદલે ચીન જેવા કોઈક સામ્યવાદી દેશની હોય તેવું જણાય છે. આ કલમ આ પ્રમાણે છેઃ 'આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલો અથવા બહાર પાડેલા કોઈ નિયમ જાહેરનામાની જોગવાઈઓ અનુસાર શુદ્ધ બુદ્ધિથી કરેલો અથવા કરવા ધારેલા કોઈ કાર્યના સંબંધમાં રાજ્ય સરકાર અથવા સરકારના કોઈ અધિકારી અથવા કર્મચારીની સામે કોઈપણ દાવો, ફરિયાદ અથવા બીજી કોઈ કાનૂની કાર્યવાહી થઈ શકશે નહિ.' ચીનમાં લોકોને સરકાર સામે કોર્ટમાં જવાનો હક નથી.

ખરેખર તો આ કલમ ભારતના બંધારણ સાથે સુસંગત હશે ખરી? વહીવટી તંત્ર ઉપર કાબૂ રાખવા ન્યાયતંત્ર પાસે જવાની છૂટ તો હોવી જોઈએને!

(૭) પ્રકરણ ૧૦ની કલમ ૫૦ મુજબ ખેડૂતે પોતાના કૂવા, બોર વગેરેની સરકાર પાસે નોંધણી કરાવી દેવાની છે. કલમ ૫૧ મુજબ, જો આ કૂવામાં ઊંડાઈ વધારવા સહિતના ફેરફારો કરવા હોય તો સરકાર પાસે પરવાનો લેવાનો છે. લાયસન્સ રાજનો જય હો ! કલમ ૫૫ની પેટા કલમો ૨ અને ૩ મુજબ તો નહેર અધિકારીને કૂવા કે બોર વગેરેને સીલ કરી દેવાની પણ સત્તા છે.

આ કાયદાની જોગવાઈઓ વડે સિંચાઈમાં વધારો થશે કે ખેડૂતો અને એકંદરે ગ્રામજનો વધુ સુખી થશે કે ખેતી વધુ ઉત્પાદક થશે તેવી કોઈ ચિંતા રખાઈ નથી. આવી કોઈ ગણતરી કે અટકળો પણ આ આખા કાયદામાં ક્યાંય રજૂ કરાયા નથી.

બીજું, પાણીનો મુદ્દો પર્યાવરણની સાથે સંકળાયેલો છે. પર્યાવરણીય બાબતોમાં સ્થાનિક જનસમૂહોની વાત સરકાર કાને ધરે તે જરૂરી છે. આ માટે 'લોકસુનાવણી' કરવામાં આવે છે. આ આખા કાયદામાં ક્યાંય લોકસુનાવણીનો ઉલ્લેખ સરખો નથી.

ત્રીજું, ગાંધીજી ગ્રામ પંચાયતોના કેન્દ્રસ્થ મહત્ત્વને સમુચિત માનતા હતા. રાજીવ ગાંધીએ બંધારણના સુધારા દ્વારા પંચાયતી રાજનું મહત્ત્વ સ્થાપ્યું. આ આખા કાયદામાં ક્યાંય પંચાયતોનું કોઈ સ્થાન નથી. ગ્રામસભા, લોકસુનાવણી, પંચાયતોની ભાગીદારી વગેરે ઘટકો આઝાદ ભારતમાં ચલણી બની ચૂક્યાં છે જેનો સરકારને ખ્યાલ હોવો જોઈતો હતો. ૨૦૧૩ એ ૧૮૭૯ નથી જ!

આ આખો કાયદો પાણી ઉપર હક જમાવવાની સરકારી પેરવીન ઈરાદો વ્યક્ત કરતો જણાય છે. આજના સમયમાં રાજ્ય અને ઉદ્યોગ વચ્ચેની સાંઠગાંઠની ચર્ચા ચાલે છે ત્યારે આ કાયદા દ્વારા ખેતી, ખેડૂત અને ગામડાંનું પાણી ઉદ્યોગોને હવાલે કરી નહીં દેવાય ને, તેવી દહેશત ઊભી થાય છે. આ કાયદામાં આવી દહેશતને શાંત કરે તેવા પ્રતીતિજનક મુદ્દા શોધ્યા જડતા નથી. તેને બદલે સત્તા, સજા, આપખુદી અને શાસકીય તોરનાં દર્શન થાય છે.

ગુજરાતનું વિકાસનું આ પણ એક 'મોડેલ' હશે ને ભાઈ!

(સૌઃ નિરીક્ષક)

લેખકઃ રોહિત શુક્લ

# આહ અમેરિકા

અમેરિકા જવાનો કીડો કરડવાને લીધે સળવળતા અને અમુક અંશે ટળવળતા લોકોની યાદીમાં આમ જૂનું છતાં લેટેસ્ટ નામ ગુજરાતના મુ.મંત્રીનું છે. અમેરિકા વિશેનું તેમનું ખેંચાણ માનભંગ અને પ્રભવવિસ્તારના ખ્યાલોમાંથી પેદા થયું હોય એમ લાગે છે.

ગુજરાતની બહુચર્ચિત અને બહુ વગોવાયેલી કોમી હિંસા સમયે ગુજરાત પર રાજ કરનાર શાસક તરીકે મુ.મંત્રી માટે અમેરિકાનાં બારણાં બંધ થયાં હતાં. ત્યારથી છેલ્લા એક દાયકામાં 'ખુલ જા સીમ સીમ' જેવા અનેક મંત્રો અનેક રીતે બોલાવીને ભીડાયેલા દરવાજા ખોલવાના પ્રયાસો થયા છે, પરંતુ હજુ સુધી એમાં સફળતા મળી નથી, એટલું જ નહિ, દરેક નિષ્ફળતા સાથે મુ.મંત્રીનાં બેકરારી, અપમાનબોધ અને તાલાવેલી વધી રહ્યાં હોય એવું લાગે છે. અમેરિકાના સાંસદો સહિતના એક મંડળની મુલાકાત, તેમના દ્વારા થયેલો ગુજરાતના મુ.મંત્રીના 'મોડેલ'નો જયજયકાર તથા તેની પાછળ નાણાંકીય પરિબળોએ ભજવેલો મનાતો ભાગ આ અંદેશાનો વધુ એક પુરાવો છે.

મામલો અસલમાં એવો છે કે એક બિનનિવાસી ભારતીય બીઝનેસમેન નામે શલભકુમાર શિકાગોમાં રહીને ભવ્ય નામોવાળી અર્ધરાજકીય પ્રકારની સંસ્થાઓ ચલાવે છે. એ ભાઈ અમેરિકાના રાજકારણમાં રૂઢિચૂસ્ત રીપબ્લીકન પક્ષના સમર્થક છે. અને ભારતના રાજકારણમાં તેમને ગુજરાતના મુ.મંત્રી માટે વિશેષ ભાવ છે. અહેવાલ પ્રમાણે, ગયા વર્ષે થયેલી અમેરિકાનૂ ચૂંટણીમાં શલભકુમારે રીપબ્લિકન ઉમેદવાર વોલ્શના પ્રચાર માટે સ્થાનિક પ્રકાશનોમાં આપેલી જાહેરખબરોમાં લખાવ્યું હતું, 'જો તમે મોદીને ચાહતા હો, તો વોલ્શને સંસદમાં ચૂંટી મોકલો.'

તેમની સંસ્થા દ્વારા આયોજિત વેપારીઓના ભારતપ્રવાસમાં ત્રણ સાંસદો ભળતાં તેમની મુલાકાતનું વજન વધી ગયું હોવાનું ઘણાને લાગ્યું. આ મંડળીમાં સામેલ થવા માટે, ઈકોનોમી ક્લાસથી માંડીને બિઝનેસ ક્લાસ સુધીના ભાવફરક પ્રમાણે ૩ હજાર ડોલરથી ૧૬ હજાર ડોલર સુધીની રકમ વસૂલ વસૂલ કરવામા આવી હોવાનું જાહેર થયું છે. તેની સામે પેકેજમાં તાજમહાલ, રણથંભોરનું અભયારણ્ય અને જયપુરના રામબાગ પેલેસ ઉપરાંત ગુજરાતના મુ.મંત્રી સાથે મુલાકાત અને પંજાબના મુ.મંત્રી સાથે ભોજનનો સમાવેશ થતો હતો.

આવી મંડળી આવીને ગુજરાતના મુ.મંત્રીને મળી જાય, તેમનાં વખાણ કરી જાય અને તેમને અમેરિકાનું આમંત્રણ આપી જાય, તો એમાં આટલો મોટો હોબાળો શા માટે થવો જોઈએ, એ પહેલો સવાલ થાય. આ આખી વાતમાં 'સમાચાર' ક્યાં છે? પરંતુ ગુજરાતના મુ.મંત્રીનું અસરકારક પ્રચારતંત્ર અમેરિકાના કોઈ પણ ખૂણેથી કે કોઈ પણ અમેરિકન દ્વારા થયેલાં તેમનાં વખાણને બઢાવીચઢાવીને, 'અમેરિકાએ કરેલી ગુજરાતના મુ.મંત્રીની પ્રશંસા' તરીકે આતુર હોય છે. સામા પક્ષે, મુ.મંત્રીના આત્યંતિક વિરોધીઓ પ્રમાણભાન ચૂક્યા વિના, તેમના પ્રચારતત્રનો વિરોધ કરવામાં લાગી પડે છે, જેનાથી સરવાળે પ્રચારતંત્રનો વધુ માઈલેજ મેળવવાનો હેતુ સિદ્ધ થઈ જાય છે. બાકી, વડાપ્રધાન બનવા માટે ઉધામા કરી રહેલા એક મુ.મંત્રી દિલ્હીની કોઈ કોલેજમા જઈને, માધ્યમિક શાળાની વક્તૃત્વ સ્પર્ધાની કક્ષાનું પ્રવચન આપે, તો પણ તેને પહેલા પાને સ્થાન શા માટે મળવું જોઈએ ? અને તેની આટલી ચર્ચા પણ શા માટે થવી જોઈએ?

હજુ તાજો ગણી શકાય એવો બીજો કિસ્સો યુનિવર્સિટી ઓફ પેન્સિલ્વેનિયાની વોર્ટન સ્કુલના આમંત્રણનો છે. વોર્ટન બિઝનેસ સ્કુલમાં મુખ્ય વક્તા -અને મુખ્ય અતિથિ- તરીકે ગુજરાતના મુ.મંત્રીને નોતરાં પાઠવાઈ ગયાં હતાં. પરંતુ ત્યાંના કેટલાક ભારતીયોએ ચીલઝડપી વિરોધ કરીને, પોતાના વિરોધ પ્રસ્તાવ પર સારી એવી સંખ્યામા મત મેળવીને, પાકા પાયે દબાણ ઊભું કરીને મુ.મંત્રીને મળેલું આમંત્રણ પાછું ખેંચાવી લીધું. 'ડીસઈનવાઈટેડ' જેવો વિશિષ્ટ અંગ્રેજી શબ્દપ્રયોગ પ્રસાર માધ્યમોમાં છવાઈ ગયો. ત્યારથી જે થયું તે બરાબર હતું કે નહિ, એ વિશેનો શાસ્ત્રાર્થ ફાટી નીકળ્યો છે.

દુનિયાભરમાં માનવ અધિકારભંગ માટે નામીચું અમેરિકા ગુજરાના મુ.મંત્રીનુ પ્રમાણપત્ર કયા આધિકારથી ફાડી શકે એ પહેલો મુદ્દો છે. તેની સમાંતરનો બીજો મુદ્દો એ છે કે આવા પ્રમાણપત્રદાતા પાસેથી પ્રમાણપત્ર મેળવવા માટે મુ.મંત્રીનું તંત્ર કેટલું ઉત્સુક અને પ્રયત્નશીલ છે. વિદેશમાંવસતા અને ગુજરાત-ભારતની અસ્મિતા વિશેના ભૂલભરેલા ખ્યાલોમાં રહેતા બિનનિવાસી ભારતીયોને ભ્રમમાં રહેવાનો વતનસિદ્ધ હક હશે, પણ અહીં રહેતા સૌએ અમેરિકાના નોતરાથી પોરસાવાની કે તેના ઈન્કારથી દુઃખી થવાની (કે એનાથી ઉલટું કરવાની) ભાગ્યે જ જરૂર હોય. (સૌઃ ગુ.સ.)




## વિનંતી

**તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.**


# વિદેશી કંપનીઓ કૂવાના પાણીની માલિક બની જશે?

ગુજરાતમાં કૂવાનાં પાણીને સરકારી સંપત્તિ ગણાવતા કાયદા સામે આંદોલન ચાલી રહ્યું છે. ભારત દેશમાં પરાપૂર્વથી પીવાનું પાણી એ કુદરતની માનવજાતને આપવામાં આવેલી એક ભેટ મનાય છે અને તેને વેચી કમાણી કરવાનો વિચાર કોઈ ક્યારેય કરતું નહોતું. દેશભરમાં જે નદી, કૂવા, તળાવો અને જળભંડારો અસ્તિત્વ ધરાવતા હતા તેમાંથી પાણી લઈને વાપરવા માટે ગરીબોએ કે શ્રીમંતોએ ક્યારેય પૈસા ચૂકવવા પડતા નહિ કે પાણી ઉપર ક્યારેય કર લાદવામા આવ્યો હોય તેવું સાંભળવા મળતું નહોતું. આ દેશના ઉદારદિલ શ્રીમંતો અને સખાવતીઓ લખલૂટ રૂપિયા ખર્ચીને વાવ, તળાવો, પરબો અને હવાડાઓ બંધાવતા. લોકોને પીવાનું પાણી આપવું એ આ દેશમાં પુણ્યનું કાર્ય માનવામાં આવતું. (ગુજરાતમાં તો ઘેર કોઈ મુલાકાતી આવે ત્યારે સૌ પ્રથમ તો એને પાણીનો ગ્લાસ આપીએ છીએ. . . ચા નાસ્તો પછી.) ત્યારે પાણી વેચીને પૈસા પેદા કરવાનો વિચાર કોઈને વિચારસુદ્ધાં આવતો ેનહોતો. આજે પરિસ્થિતિ બદલાઈ રહી છે. ગુજરાત સરકાર જે કાયદા દ્વારા કૂવાનાં પાણી ઉપર પોતાનો અધિકાર જમાવવા માગે છે તેની પાછળ વિદેશોની મલ્ટિનેશનલ કંપનીઓનો દોરીસંચાર છે. આ કંપનીઓ પીવાનાં પાણીનાં તમામ કુદરતી સાધનો પોતાના કબજામાં લઈને કમાણી કરવાની મેલી મુરાદ ધરાવે છે.

આપણા દેશમાં મિનરલ વોટરના ઉત્પાદકોએ પહેલવહેલા પામી વેચવાની અને તેમાંથી કમાણી કરવાની શરૂઆત કરી. મિનરલ વોટરનું બજાર જો કે મર્યાદિત જ રહેવાનું કારણ કે ભારતના ૯૦ ટકા લોકોને જ્યાં બે ટંકના ભોજનના પણ સાંસા હોય ત્યાં મિનરલ વોટર વાપરવું પરવડે જ નહિ. આ કારણે જ મલ્ટિનેશનલ કંપનીઓની નજર હવે મહાનગરોમાં નળ દ્વારા લોકોને આપવામાં આવતા પીવાના પાણી ઉપર ગઈ છે. આ પાણીપુરવઠાની યોજનાઓનું સંચાલન અત્યારે સ્થાનિક મહાનગરપાલિકાઓ કરે છે, જેને કારણે પ્રજાએ પીવાના પાણી માટે અત્યંત નગણ્ય વેરો ચૂકવવા પડે છે. ટૂંક સમયમાં પાણીના વિતરણની આ સમગ્ર વ્યવસ્થા જ ખાનગી ભારતીય અને મલ્ટિનેશનલ કંપનીઓને સોંપી દેવામાં આવશે. ત્યાર બાદ સરકારે જે કૂવાઓ પર પોતાનો અધિકાર જમાવ્યો છે, તેને પણ વિદેશી કંપનીઓને સોંપી દેવામાં આવશે. અત્યાર અગાઉ જે દેશોએ પોતાના પીવાના પાણીના વિતરણની વ્યવસ્થા મલ્ટિનેશનલ કંપનીઓને સોંપી છે તેમના શા હાલહવાલ થાય છે, તેનો ઈતિહાસ પણ તપાસવા જેવો છે. દ.અમેરિકામાં આવેલા બોલિવિયાના કોચબંભા શહેરની પીવાના પાણીની વ્યવસ્થા ઈ.સ. ૧૯૯૯માં બેકટેલ નામની અમેરિકન મલ્ટિનેશનલ કંપનીને સોંપવામાં આવી હતી. આ કંપનીને હવાલે શહેરનાં બધાં જ તળાવો કરી દેવામાં આવ્યાં હતાં.

આ ખાનગીકરણનું તાત્કાલિક પરિણામ એ આવ્યું કે પહેલાં પાણીના ભાવો બમણા થયા અને પછી તરત જ ત્રણ ગણા થઈ ગયા. મલ્ટિનેશનલ કંપનીને પાણીપુરવઠાનો ઠેકો આપવામાં આવ્યો તે અગાઉ શહેરને છેવાડે આવેલા વિસ્તારના લ ોકો સહકારી ધોરણે બોરીંગ કરાવી પાણી પુરવઠાનું પોતાનું અલાયદું તંત્ર વિકસિત કર્યુ હતું. મલ્ટીનેશનલ કંપનીના માણસો ત્યાં પહોંચી ગયા અને બોરીંગ પર મીટરો બેસાડી ભૂગર્ભના પાણીનો ઉપયોગ કરવાના પૈસા માગવા લાગ્યા.

જોતજોતામાં આ કંપનીએ પાણીના ભાવો એટલા વધારી મૂક્યા કે અમુક કામદારોના પગારનો ૨૫ ટકા જેટલો હિસ્સો પાણીનું બિલ ચૂકવવા પાછળ જ ખર્ચાવા લાગ્યો. કંપનીએ પાણીનું બિલ ન ચૂકવનારનુ જોડાણ કાપી નાખવાની ધમકી આપી. આ ધમકીને કારણે શહેરના નાગરિકોમાં એટલો ઉશ્કેરાટ ફેલાઈ ગયો કે કંપનીને ઈજારાશાહી અને નફાખોરીનો વિરોધ કરવા માટે લોકો લાખોની સંખ્યામાં શેરીઓમાં ઊતરી આવ્યા. બોલિવિયાની સરકારે નફાખોરીનો ભોગ બનેલા નગરજનોનો પક્ષ લેવાને બદલે વિદેશી કંપનીઓનો પક્ષ લીધો અને ચળવળના આગેવાનોને જેલમાં ધકેલી દીધા. આમ છતાં ચળવળ નબળી ન પડી ત્યારે પ્રજાજનોને સીધી કરવા લશ્કર બોલાવ્યું અને આંદોલનકારીઓ ઉપર છોડી દેવામાં આવ્યુ. આ પાણી રમખાણોમાં ૧૭ વર્ષના એક લવરમૂછિયા તરુણનો ભોગ લેવાયો ત્યારે સરકારની સાન ઠેકાણે આવી અને તેણે અમેરિકન કંપનીને પોતાનો કારોબાર સમેટી લેવા માટે કહ્યું ત્યારે પ્રજાનો રોષ કંઈક શાંત થયો. હવે ચોર કોટવાળને દંડે તેમ બેકટેલ કંપનીએ ત્યાંની સરકાર પર કેસ કર્યો છે. મલ્ટિનેશનલ કંપનીઓના અંદાજ મુજબ પીવાના પાણીનું બજાર ૧૦૦૦ અબજ અમેરિકન ડોલર જેટલું છે. આ મલ્ટિનેશનલ કંપનીઓ તરફથી વિશ્વ બેન્ક ભારત સરકાર ઉપર પાણીનું ખાનગીકરમ કરવા સતત દબાણ કરી રહી છે અને આ દબાણ સામે કેન્દ્ર અને રાજ્યની સરકારોએ લગભગ ઘૂંટણિયાં ટેકવી દધાં છે. એક હેવાલ મુજબ આપણા દેશનાં ૩૦ શહેરોની મહાનગરપાલિકાઓએ પાણીપુરવઠાનું ખાનગીકરણ કરવાનો નિર્ણય લઈ લીધો છે અને અમુક કોર્પોરેશનો તો આ કાર્ય માટે વિદેશી કંપનીઓ સાથે વાતાઘાટો પણ ચલાવી રહ્યાં છે.

ભારતમાં અબજો રૂપિયાના પાણીના વેપલામાં જે કંપનીઓ વિશોષ રસ ધરાવી રહી છે તેમાં બોલિવીયામાં બદનામ થયેલી અમેરિકાની બેકટેલ કપની, બિયારણના વેપાર દ્વારા ગરીબ ખેડૂતોને પાયમાલ કરનારી મોન્સાન્ટો કંપની અને ફ્રાન્સની વોટર જાયન્ટ મનાતી વિવેન્ડી અને સુએઝ-લિઓનેઝનો સમાવેશ થાય છે. અમેરિકાની બેકટેલ કંપનીને ભારતની બે કપનીઓના સહયોગમાં તામિલનાડુના તિરુપુર શહેરને પાણી પહોંચતું કરવાનો આશરે ૧૦૦૦ કરોડ રૂપિયાનો કોન્ટ્રેકટ આપી દેવામાં આવ્યો છે. જમશેદપુર શહેરની પાણીપુરવઠાની વ્યવસ્થા ફ્રેન્ચ કપની વિવેન્ડીને સોંપવાની વિચારણા ચાલી રહી છે. બેંગલોર શહેરની પાણીપુરવઠાની વ્યવસ્થા ફ્રેન્ચ કંપનીઓ વિવેન્ડી અને નોર્થમ્બ્રિયન કંપનીને સોંપવાનાં ચક્રો પણ ગતિમાન થઈ ગયાં છે. મુંબઈ, સૂરત અને અમદાવાદ શહેરની જળવિતરણ પ્રણાલી પણ વિદેશી કંપનીઓને સોંપવાની પ્રણાલી પણ વિદેશી કપનીઓને સોંપવાની વિચારણા ચાલી રહી છે. એ દિવસો હવે દૂર નથી કે જ્યારે આપણે પાણીનાં ટીપેટીપાંનો ઉપયોગ કરવા માટે ભારે કિંમત ચૂકવતા હોઈશું. આપણાં બધાં નદી, તળાવો અને કૂવાઓ વિદેશીઓના અંકુશમાં જતાં રહેશે અને તેનું પાણી પીવા માટે એમનાં ખિસ્સાં ભરવાં પડશે. ગરીબો માટે તો પીવાનું સ્વચ્છ પાણી પણ ત્યારે એક લકઝરી આઈટમ બની જશે. આવું થતું અટકાવવા બોલિવિયા જેવું પ્રજાકીય આંદોલન કરવું પડશે.

( સૌઃ દિ.ભા.)

લેખકઃ સંજય વોરા


સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

## કેર કોમ્પ્યુટર સેન્ટર

**ફકત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,**

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજ્જવળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં : ૯૯૨૫૨૭૪૧૭૫

**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં : ૯૮૯૮૦૭૨૮૮૧



## લગ્ન વિષયક

ખ્રિસ્તી શાસાનુસાર અધિકૃત લગ્નવિધિ કરાવનાર

**ગીડીયોન પોલ પરમાર**

(ગર્વ.મેરેજ રજીસ્ટાર)

નં. ૯, કનાન સોસાયટી, મેથોડિસ્ટ ચર્ચ સામે, આણંદ

૦૨૬૯૨-૨૫૦૯૬૯

મો.૯૯૨૪૨૦૫૫૦૫, ૯૭૨૩૩૩૨૩૯૬



તંત્રીઃ પ્રશાંત ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યું.